સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી ૮(પાલનપુર) ફા પ્લોટ નં. ૧૦ માં આવેલ સ્વામનારાયણ એપાર્ટમેન્ટ બ્લોક નં. એચ બિસ્માર હોય, જે વસવાટ ખાલી કરવા અંગે અત્રેની કચેરીએથી વારંવાર નોટીસ આપી તથા રૂબરૂમાં જણાવવા છતાં વસવાટ ખાલી ન કરતાં આજરોજ ગ્રાઉન્ડ ફ્લોર+૪ માળનાં બિલ્ડિંગમાં ૫૦ ફ્લેટના અંદાજે ૨૫૦ જેટલા રહેવાસીઓ ધરાવતી બિલ્ડિંગના પાણી અને ડ્રેનેજની સુવિધાના જોડાણ કાપી નાખવામાં આવેલ છે તથા સદરહુ બિલ્ડિંગ વસવાટ યોગ્ય ન હોય લાઇટ તથા ગેસના કનેકશનો દૂર કરવા સંબંધિત દક્ષિણ ગુજરાત વીજ કંપની તથા ગુજરાત ગેસ કંપનીને જાણ કરવામાં આવેલ છે.

પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ રઝા એપાર્ટમેન્ટ ટીકા નં. ૧૦ સીટી સર્વે નં. ૩૮/સી મોજે રાંદેર ગામતળમાં આવેલ મિલ્કતમાં અગાઉ ૦૬/૦૪/૨૦૨૪ ના રોજ રસ્તા તરફે છજજાનો આંશિક ભાગ બિસ્માર થતા આકસ્મીક રીતે પડી ગયેલ. જે અંગે સ્થળ તપાસ કરી સમગ્ર બિલ્ડીંગ બિસ્માર હાલતમાં હોવાનું ધ્યાને આવેલ. જેમાં ભયજનક ભાગ અત્રેથી દુર કરી બિસ્માર મિલ્કતને તા. ૦૬/૦૪/૨૦૨૪ ના રોજ નોટીસ આપવામાં આવેલ તેમજ ફ્લેટ હોલ્ડરોને વસવાટ ખાલી કરવા જણાવેલ. જે અંગે આંશીક રીતે વસવાટ ખાલી કરવાનું બાકી હોય,જે વસવાટ ખાલી કરવા અંગે અત્રેની કચેરીએથી આજ રોજ ગ્રાઉન્ડ ફ્લોર+૪ માળનાં બિલ્ડિંગમાં ૧૯ ફ્લેટના અંદાજે ૧૧૦ જેટલા રહેવાસીઓ ધરાવતી બિલ્ડિંગના તમામ ૧૯ ફલેટસને સીલ કરી સમગ્ર બિલ્ડીંગને અત્રેની કચેરીએથી વસવાટ ખાલી કરી સીલીંગ કરવામાં આવેલ.

મોજેઅડાજણ(ગામતળ), નોંધ નં.૧૪/૧, સૂર્યકિરણ એપાર્ટમેન્ટ, પાદરીયાગાર્ડન પાસે અગાઉ મિલ્કતના જર્જરીત ભાગ પડતા અત્રેથી વસવાટ બંધ કરવાનીનોટિસ પાઠવેલ પરંતુ મિલ્કતદારો/ કબ્જેદારો ધ્વારા અમલવારી ન કરી મિલ્કત ખાલી નકરતા તા.૦૯/૦૭/૨૦૨૪ નારોજ મિલ્કત ખાલી કરાવી ૬૭ ફ્લેટો સીલ કરેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૧૩ , તા.૦૯/૦૭/૨૦૨૪